**ક્રિ.પ.અરજી નં- ૧૦૩/૨૦૨૬**

**ચીખલી પો.સ્ટે.ગુ.રજીં. નં. ૨૬૦૨૪૦/૨૦૨૬, બી.એન.એસ. ની કલમ- ૩૦૩(૨) મુજબના ગુનાના કામે આરોપી :-ગૌરાંગ જિગ્નેશભાઇ હળપતી ની જામીન અરજી તળે હુકમ.**

જામીન અરજી વંચાણે લીધી,આરોપીઓ તરફે વિ.વ.શ્રી વી.એન.પટેલને સાંભળ્યા,વિ.એ.પી.પી.શ્રી યોગેશ પટેલ ને સાંભળ્યા તથા રજુ થયેલ પોલીસ પેપર્સ વંચાણે લીધા

આરોપી તર્ફે રજુઆત છે કે આરોપી સામે તદન ખોટો કેસ કરેલ છે, ફરીયાદમાં જણાવેલ ગુનો આરોપીએ કરેલ નથી, આરોપી ક્યાંય નાસીભાગી જાય તેવા નથી, કુટુંબ કબીલાવાળા છે,આરોપી કોઇ ગુન્હાહિત ઈતીહાસ ધરાવતા નથી ,આરોપી સામેનો ગુનો જોતાં નામદાર કોર્ટને કેસ ચલાવવાની સત્તા છે તથા જામીન ઉપર મુકત કરવાની સત્તા છે ,વિ.એપી.પી શ્રી ની દલીલ છે કે ફરીયાદ હકિકત જોતાં ચોરીની ફરીયાદ છે,હાલના આરોપી સદર ગુનામાં સંડોવાયેલ છે,ગુન્હાની ગંભીરતા તથા સજાની જોગવાઈ જોતા તથા હાલ તપાસ ચાલુ હોઈ તથા આરોપીઓ ને જમીન મુક્ત કરવામા આવશે તો ટ્રાયલ દર્મ્યાન હાજર રહેવાની શકયતા ન હોઈ આરોપીઓની જામીન અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

ઉભયપક્ષની દલીલો સાંભળી, આરોપીઓ તરફે તરફે રજુ થયેલ અરજીમાં જણાવેલ કારણો, આરોપીઓ સામે આક્ષેપાયેલ ગુનો, ગુનાનો પ્રકાર, ગુનાની ગંભીરતા, આક્ષેપાયેલ ગુનાથી થતી સંભવીત સજાની જોગવાઇ, આક્ષેપાયેલ ગુનામાં સજાનું પ્રમાણ, તેમજ આરોપી/આરોપીઓની ટ્રાયલ દરમ્યાન હાજર રહેવાની શક્યતા વિગેરે બાબત તથા આરોપી ની ઉંમર ધ્યાને લેતાં તથા ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા,૨૦૨૩ ની કલમ-૪૮૦ ની જોગવાઇઓ ધ્યાને લેતાં તથા જામીન અરજી ના તબક્કે નામ.સર્વોચ્ચ અદાલત તથા વિવિધ વડી અદાલતના તે લગત ચુકાદાઓમા ઠરાવેલ માર્ગદર્શક સિધ્ધાંતો ધ્યાને લીધા. આ કામે રેકર્ડ જોતા આ કામે પોલીસે ચોરીમા ગયેલ વીજ વાયર પૈકી કેટલાક વાયર આરોપી પાસેથી રીકવર થઇ ગયેલ છે. પોલીસ પેપર્શ જોતા આરોપીઓ સામે આક્ષેપીત પ્રથમદર્શનીય ગુનો બને છે પરંતુ ,AIR 1984 SC 372 ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે પેરા-5 માં ઠરાવેલ છે કે

" If there is no prima facie case there is no question of considering other circumstances.But even where a prima facie case is established, the approach of the court in the matter of bail is not that the accused should be detained by way of punishment but whether the presence of the accused would be readily available for trial or that he is likely to abuse the discretion granted in his favour by tampering with evidence."

આમ ઉપરોક્ત સિધ્ધાંત ધ્યાને રાખી હાથ ઉપરના કેસના સંજોગો જોતાં આરોપી ચીખલી તાલુકાના રહેવાસી છે .કુટુંબ-કબીલા વાળા છે,આરોપી સામેના ગુનાની મહત્તમ સજાની જોગવાઇ જોતા ૭ વર્ષ થી ઓછી સજાની જોગવાઇ છે.સદર કામે તપાસ હજુ ચાલુ છે અને આરોપી સામેનો ટ્રાયલ ચાલવામા ઘણો સમય જાય તેમ છે,વળી નામદાર સર્વોચ્ચ અદાલતે સંજય ચન્દ્રા વિ. સી.બી.આઇ ના કેસમા આપેલ ચુકાદો કે જે ૨૦૧૨(૧) જી.એલ.એચ. પેજનં-૯૩ ઉપર પ્રસિધ્ધ થયેલ છે તેમાં પ્રસ્થાપીત સિધ્ધાંત અનુસાર જામીન ના પ્રાથમીક હેતુઓ આરોપીને જેલની સજાથી છોડાવવાનો છે અને તેજ વખતે અદાલતના કબજામાં આરોપીની હલ-ચલને કાબુમાં રાખવાનો છે જ્યારે કાચા કામના કેદીને જેલની કોટડીમાં અનિશ્ચિત મુદત સુધી પડી રાખવો ,ભારતના બંધારણના અનુચ્છેદ ૨૧ નુ ઉલ્લંઘન ગણાય. તે ધયાને લેતા પણ હાલના આરોપીઓને યોગ્ય શરતો લાદી યોગ્ય રકમના જામીન પર મુક્ત કરવા ન્યાયોચીત જણાય છે.

(૪) આમ સમગ્ર રેકર્ડ વંચાણે લેતાં તથા ઉપરોકત ચર્ચા મુજબ તેમજ બી.એન.એસ્.એસ.ની કલમ- ૪૮૦ ની જોગવાઈઓ ધ્યાને લેતા તથા હાલના આરોપી ની ઉમ્ર, જવાબદારી વિગેરે ધ્યાને લેતા હાલના બંને આરોપીને યોગ્ય શરતોને આધીન યોગ્ય રકમના જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતુ હોઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -: હુકમ :-

આરોપીની હાલની જામીન અરજી મંજુર કરવામાં આવે છે.

પ્રત્યેક આરોપીને રૂ. ૨૫,000/- અંકે રૂપીયા પચ્ચીસ હજાર પુરાના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કર્યેથી સદર ગુન્હામાં નીચેની શરતોને આધિન જામીન મુક્ત કરવાનો હુકમ કરવામાં આવેછે.

**શરતો:-**

(૧). આરોપીએ દર અંગ્રેજી માસની પહેલી તારીખે સવારના કલાક 11-00 થી 13- 00 સુધીમા લગત પોલીસ સ્ટેશને ચાર્જશીટ થતા સુધી હાજરી પુરાવવી.

(૨). આરોપી એ પોતાના કાયમી રહેઠાણ નુ સરનામુ આધરભુત પુરાવા સાથે રજુ કરવું.

(૩). આરોપીએ ત.ક.અમલદાર જ્યારે પણ બોલાવે ત્યારે હાજર થઇ તપાસમા સહકાર આપવાનો રહેશે.

(૪). આરોપીએ અત્રેની કોર્ટની પુર્વ પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહિં

હુકમ આજરોજ તારીખ ૦૯ મી માહે-માર્ચ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**ચીખલી.**
**તા: ૯/૦૩/૨૦૨૬**

**( વિ.જે.ચૌહાણ. )**
**એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,ચીખલી**

.